ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 26th May, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન,

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે Beat Plastic Pollution – Call for Creative Solutions વિષય પર વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ અંતર્ગત ચિત્રા સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા અને સાયકલ રેલીનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

5 જૂન 2025 – દર વર્ષે 5 જૂને ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિવસનો હેતુ પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા માટે જનજાગૃતિ વધારવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા શરૂ કરાયેલો આ દિવસ દુનિયાભરમાં પર્યાવરણીય મુદ્દાઓ પર વિચારવિમર્શ અને ક્રિયાપ્રતિક્રિયા માટેનો સૌથી મોટો પ્લેટફોર્મ બની ગયો છે.

આ વર્ષે 2025ના પર્યાવરણ દિવસની થીમ છે **"પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત - સૃજનશીલ ઉકેલો માટેનું આહ્વાન"** (Beat Plastic Pollution – Call for Creative Solutions). આ થીમ અંતર્ગત એકવખત વપરાતા પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા, પુનઃઉપયોગ અને રિસાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તા. ૮ જૂન ૨૦૨૫ ને રવિવારના રોજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે વિવિધ પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમોનું **આયોજન કરવામાં આવ્યું છે.** જેમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સામે લડત, પર્યાવરણ બચાવવાના ઉપાયો અને પૃથ્વીનો અવાજ સાંભળો વિષય પર **ચિત્રા સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.** જેમાં ચિત્ર સ્પર્ધા માટે A: નર્સરીથી ધોરણ ૩ (રંગ પુર્ણી), B: ધોરણ ૩ થી ૫, C: ધોરણ ૬ થી ૮, D: ધોરણ ૯ અને તેથી ઉપરના ગ્રુપ નિર્ધારિત કરવામાં આવ્યા છે. દરેક ગ્રુપમાંથી શ્રેષ્ઠ ૧૦ ચિત્રોને પ્રોત્સાહન રોકડ પુરકાર આપવામાં આવશે. જયારે નિબંધ સ્પર્ધા માટે A: ધોરણ ૩ થી ૮ અને B: ધોરણ ૯ અને તેથી ઉપરના ગ્રુપ નિર્ધારિત કરવામાં આવ્યા છે. ગ્રુપમાં શ્રેષ્ઠ નિબંધોને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે.

તે ઉપરાંત પર્યાવરણ જાગૃતિ અને સ્વાસ્થ્ય સુધારણા માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૫ કિ.મી. સાયકલિંગ કરવવામાં આવશે. આ સાયકલ રેલી પર્યાવરણ જાગૃતિ અને સ્વાસ્થ સબંધિત પોસ્ટરો સાથે વિવિધ વિસ્તારોમાં ફરશે. જેમાં ૧૨ વર્ષ કે તેથી વધુ ઉમરના શારીરિક રીતે સક્ષમ વ્યક્તિઓ પોતાની સાયકલ સાથે ભાગ લઇ શકશે.

ઉપરોક્ત તમામ કાર્યક્રમો નિઃશુલ્ક યોજવામાં આવશે. ભાગ લેનાર દરેકને પર્યાવરણ પ્રેમીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. વિવિધ સ્પર્ધાઓમાં વિજેતાઓને રોકડ રકમ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. દરેક સ્પર્ધાઓ અને સાયકલ રેલીમાં ભાગ લેવા માટે તા. ૦૫-૦૬-૨૦૨૫ સુધીમાં **www.krcscbhavnagar.org** પર ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે. વધુ વિગતો માટે **886657011 WhatsApp** દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનો સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.